# શું કામવાળી વગર ઘર ન ચાલે?

જીવન સરગમ
બિન્દુબેન કચરા

દિવાળીના તહેવારનો આનંદ લૂંટ્યા પછી ઘરમાં શોક છવાય છે. કારણ કામવાળી નૂતન વર્ષે સાલમુબારક કરી બોણી લઇ આઠ-દસ દિવસની રજા પર ચાલી જાય છે.

આજકાલ ઘરકામ કરવું બધાં માટે અઘરું છે તેથી ઘણા પરિવાર બહારગામ ફરવા નીકળી જાય છે. ત્યાં હોટલમાં-રિસોર્ટમાં રહી હરવું- ફરવું-ખાવું-પીવું ને મજા કરવી.

દિવાળીમાં આપણે એકબીજા સગાંસંબંધી મિત્રોને ત્યાં મળવા જઈએ છીએ. અમે જેટલાને ત્યાં મળવા ગયા તેમને ત્યાં એક પ્રશ્ન મોખરે હતો અને તે આ અઠવાડિયું તો કામવાળી વગર કંટાળી ગયાં. ખાવાનું જ કોણે બનાવ્યું? ઓન લાઈન મંગાવીને ખાધું. બધાનો એક જ પ્રશ્ન - સાલુ કામવાળી વગર ઘર ચલાવવું અઘરું છે? સોસાયટીમાં બધા જ કામવાળા રજા પર. પૈસા આપીને પણ કોની પાસે કામ કરાવે? તોબા તોબા થઇ ગયા.

શું નોકર વગર ઘર ન ચાલે?

સીમા અને રીતેશ એક ખુશહાલ યુગલ છે. તેઓને બે બાળકો છે. એક દિવસ સવારે આ આનંદી યુગલ દુ:ખી અને ત્રસ્ત બનીને એકબીજા સાથે ઝઘડતું હતું.

મીતેશ અને મીના બંને નોકરી કરે છે. તેઓને એક બે વર્ષનું બાળક છે. તેઓ બંને તણાવગ્રસ્ત અને ચીડિયા દેખાય છે. તેમનું બાળક પણ તેમને ઝઘડતાં જોઈને ગભરાયેલું રહે છે.

રીતુ ઘરે રહીને પોતાનું કામ કરે છે. તે પણ હંમેશાં રઘવાયેલી દેખાય છે. આ બધાંને પડતી તકલીફનું મુખ્ય કારણ કામવાળા છે. રીતુને ત્યાં કામ કરનાર માણસ અચાનક ગમે ત્યારે રજા પાડે, ગમે ત્યારે કામ છોડી ગામ જતો રહે છે. અત્યાર સુધીમાં તેને ત્યાં દસેક કામવાળા બદલાઈ ચૂકયા છે.

ખાસ કરીને શહેરોમાં જ્યાં જીવન ખૂબ દોડધામવાળું હોય છે અને જ્યાં કામવાળા વગર ચાલે એમ નથી. આ સમસ્યા માત્ર સીમા, મીના, રીતુની નથી. દરેક નારીની કે જેમના ઘરે કામવાળી બાઈ ન આવે તો તેમની હાલત કેટલી કફોડી બની જાય છે. આ સમસ્યા સૌને સતાવે તેવી સમસ્યા છે.

આધુનિક સમયમાં દરેક જગ્યાએ કામવાળાની બોલબોલા એવી તો વધી ગઈ છે કે તે એક દિવસ પણ ન આવે તો તેના વિના બધાં ઘરોમાં હલચલ મચી જાય છે.

કેટલીક વાર ઘરમાં કામવાળા જેવી અજાણી વ્યક્તિના આગમનથી તમે તમારી અંગતતા અને આઝાદી ગુમાવી બેસો છો. તમે એની હાજરીમાં મુક્તપણે વર્તી શકતા નથી. ઘણી વાર તેઓ આપણા ટાઈમ મુજબ ન ચાલે, આપણે એના ટાઈમ મુજબ સેટ થઈને ચાલવાનું હોય છે. આપણે આપણા સમયને એમના કામ કરવાના સમય સાથે મેચ કરીને શિડયુલ બનાવવાનું હોય છે. અચાનક જો કોઇ કારણસર બહાર જવાનું થાય તો એમના ભરોસે ઘર સોંપીને જવું પડે છે. પરિણામે કેટલાંય ઘર લૂંટાયાં છે.

તેમાંય જો ચોવીસ કલાકના કામવાળા હોય તો કોઇ પ્રકારની ગોપનીયતા રહેતી નથી. કામવાળાની હાજરી તણાવજનક બની જાય છે. ઘણી ગૃહિણી કહે છે કે કામવાળીની આખા દિવસની હાજરીને કારણે જાણે એવું લાગે છે કે તમારી પર કેમેરા ગોઠવેલા છે. તમે કશું મુકત મને કરી શકતા નથી.

અમારા પાડોશી બેન કહે છે, ''હું ટી.વી. ચાલુ કરી શકતી નથી. કારણ જેવું હું ટીવી ચાલુ કરી સીરિયલ જોઉં કે તરત મારા કરતાં પહેલાં કામવાળી જોવા ગોઠવાઈ જાય. ઘરમાં પંખા પણ મને બહુ ફાસ્ટ નહીં ફાવે, તેને આખો દિવસ ફાસ્ટ પંખા જોઈએ. જાણે ઘરની રાજા એ બની જાય છે.''

જે ઘરમાં પૂરા દિવસના કામવાળા હોય છે તે ઘરની સ્ત્રીઓમાં આળસ ઘર કરી જાય છે. તેમના મનથી એમ થાય છે કે આપણે શું કામ કરવાનું? આના માટે તો કામવાળી રાખેલી છે. આમ માનસિક રીતે તેઓ કોઇ પણ કાર્ય કરવા માટે તૈયાર હોતા નથી. પરિણામે તેમની શારીરિક પ્રવૃત્તિ ઘટી જાય છે. પરિણામે તેઓ અનેક રોગનો શિકાર બની જાય છે. આમ શારીરિક પ્રવૃત્તિ ઘટવાથી મનુષ્યમાં સ્થૂળતા આવી જાય છે. ઘરનાં કામ કરવાથી કેલરી પણ સારી બળે છે. વજન નિયંત્રણમાં રહે છે અને મૂડ સારો રહે છે. કામવાળાથી ટેવાઈ જવાને કારણે આપણે તેઓ વિના આપણા જીવનની કલ્પના કરી શકતા નથી.

કેટલી વાર બાળકને સંભાળ રાખનાર આયાને ભરોસે સોંપી દઈએ છીએ. એક વ્યવસાયી માતા કહે છે કે કામવાળા ગમે તેટલાં જરૂરી હોય પણ ક્યારેય માતા-પિતાનો વિકલ્પ બની શકતા નથી. તેથી વ્યસ્ત રહેતાં મા-બાપે રોજ અચૂકપણે થોડો સમય પોતાનાં સંતાનો સાથે વીતાવવો જોઈએ.

એક ગૃહિણી પોતાનો અનુભવ વર્ણવતાં કહે છે કે તેનો ચાર વર્ષનો દીકરો રાત્રે પથારી પલાળતો હતો. મધરાતે તે જાગીને અચાનક રડવા માંડયો, તપાસ કરતાં ખબર પડી કે તેની આયા તેને ધમકાવતી અને મારતી હતી. બીજી એક માતા પોતાની વાત કરતાં કહે છે કે, જ્યારે તેની આયા પરણીને ગઇ ત્યારે તેને પોતાના સંતાનની ખૂબ ચિંતા હતી કારણ કે તેનું સંતાન આયા સાથે ખૂબ હળીમળી ગયું હતું પરંતુ તેણે જોયું કે આયાના ગયા બાદ તેનું સંતાન વધુ ખુશહાલ દેખાતું હતું. પોતાના કામ તે જાતે કરવા લાગ્યું હતું. વાસ્તવમાં આયાની સતત હાજરી અને મદદને કારણે તે બાળક પરાવલંબી બની ગયું હતું.



જાતે કામ કરવાને કારણે તેનો આત્મવિશ્વાસ પણ વધ્યો હતો. બાળકને નાનપણથી જ સ્વાવલંબનના પાઠ શીખવવા જોઈએ. ઘરમાં જાતે કામ કરવાથી ઘરના દરેક સભ્યના મનમાં પોતીકાપણાની ભાવના જાગે છે.

સંપ અને સહકારપૂર્વક કામ કરવાથી સંબંધો મજબૂત બને છે અને ઘર સ્વચ્છ અને વ્યવસ્થિત રહે છે. જાત મહેનત ઝિંદાબાદ સૂત્ર અપનાવવાથી કામવાળા વગર પણ ઘર ચાલશે.

તો વાચકમિત્રો! આજે વોશિંગ મશીન, ડિશ વોશર અને માઈક્રોવેવ ઓવન જેવાં ઉપકરણોએ માણસની જરૂરિયાતને ઘટાડી દીધી છે. આધુનિક ઇલેક્ટ્રોનિક્સ સાધનોની મદદથી વ્યક્તિના કામ કરવાના સમયગાળામાં ઘણો બચાવ થાય છે.

એક ગૃહિણી પોતાના સંતાનને ડે-કેર સેન્ટરમાં થોડા કલાક માટે મૂકે છે અને તે સમય દરમિયાન તે પોતાનાં બધાં જ કામ નિપટાવી લે છે. ઓવન, વોશિંગ મશીન, ફૂડ પ્રોસેસર વગેરે હોવાને કારણે તે બધાં જ કામ જાતે કરી લે છે. આ ગૃહિણીઓને લાગે છે કે કામવાળાની દેખરેખ કરવામાં સમય, શક્તિ વેડફવાને બદલે આ રીત વધુ સારી અને શાંતિવાળી છે. તેના પતિ પણ મદદ કરે છે.

કામવાળાની રાહ જોવા કરતાં જાતે કામે લાગવું સારું. જ્યારે બજારમાં દરેક પ્રકારનાં ઉપકરણો ઉપલબ્ધ છે ત્યારે કામવાળાની પણ અનિવાર્યતા ઘણી ઓછી થઇ ગઇ છે. શરીરથી પણ ફિટ રહેવું હોય તો ખુદ કામવાળી બની કામ કરો એમાં જ ફાયદો છે.



**આધુનિક સમયમાં દરેક જગ્યાએ કામવાળાની બોલબોલા એવી તો વધી ગઈ છે કે તે એક દિવસ પણ ન આવે તો તેના વિના બધાં ઘરોમાં હલચલ મચી જાય છે.કેટલીક વાર ઘરમાં કામવાળા જેવી અજાણી વ્યક્તિના આગમનથી તમે તમારી અંગતતા અને આઝાદી ગુમાવી બેસો છો. તમે એની હાજરીમાં મુકતપણે વર્તી શકતા નથી**

### સુવર્ણરજ

જીવનની 'દશા' સુધારવાનો ઉપાય છે.
જીવનની 'દિશા' બદલી નાખવી.